પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

www.panchmahalsamachar.com

# પંચમહાલ સમાચાર

E-mail : panchmahalsamachar@gmail.com

Panchmahal Samachar Daily News

RNI NO:- 67073/97

વર્ષ:૨૪, અંક:૨૮૮, કુલ પાના:૪, તારીખ: ૩૦-૦૭-૨૦૨૧ શુક્રવાર, કિંમત રૂા.૧.૫૦/-,VOLUME/YEAR : 24, ISSUE : 288 PRICE :-RS. 1.50 DATE : 30-07-2021

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL(GUJARAT)

PRINTED AT: PANCHMAHAL PRESS, MODINI VADI NO-1, STATION ROAD,GODHRA.(PMS) MOBILE : 9429052627 (02672-243351)

Whatsapp No.9712880678

પંચમહાલ સમાચાર ઈ-પેપર જોવા વોટ્સએપ પર નામ લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

### દેશભરના કુલ કોરોના કેસોમાં ૫૦ ટકા કેસ કેરળમાં નોંધાયા

## કેરળમાં કોરોનાનો હાહાકારઃ બે દિવસ સંપૂર્ણ લોકડાઉનની જાહેરાત

ન્યુ દિલ્હી,

કોરોનાના કેસની વધતી સંખ્યાને કારણે કેરળ સરકારની ચિંતા વધી ગઈ છે. સરકારે રાજ્યમાં બે દિવસના સંપૂર્ણ લોકડાઉનની જાહેરાત કરી છે. કેરળમાં ૩૧ જુલાઈ અને પહેલી ઓગસ્ટના રોજ સંપૂર્ણપણે લોકડાઉનનું પાલન કરવામાં આવશે. ઉલ્લેખનીય છે કે અહીં કોરોનાના કેસ ફરીથી વધી રહ્યા છે. પાછલા ૨૦ દિવસમાં સૌથી વધારે કેસ ૨૪ કલાકમાં સામે આવ્યા છે.દેશભરના કુલ કેસમાં ૫૦ ટકા કેસ કેરળમાં છે. આ આંકડાઓ સામે આવ્યા પછી કેરળ સરકારે લોકડાઉન લાગુ કરવાનો નિર્ણય લીધો છે. કોરોનાની બીજી લહેરનો સંપૂર્ણપણે અંત નથી આવ્યો. કેરળ, મહારાષ્ટ્ર અને નોર્થ ઈસ્ટના રાજ્યોમાં કોરોનાના સૌથી વધારે કેસ સામે આવી રહ્યા છે. બીજી લહેર પીક પર પહોંચી પછી કેરળમાં કેસ ઘટવા લાગ્યા હતા.આરોગ્ય મંત્રાલયના જણાવ્યા અનુસાર, દરરોજના ચાર લાખ કેસ ઘટીને ૨ લાખ સુધી પહોંચવામાં ૨૬ દિવસનો સમય લાગ્યો હતો. ૨ લાખ કેસથી ૧ લાખ સુધી આવવામાં ૧૧ દિવસનો સમય લાગ્યો હતો. એક લાખ કેસથી ૫૦ હજાર કેસ સુધી આવવામાં ૨૦ દિવસનો સમય લાગ્યો હતો, પરંતુ પાછલા ૩૧ દિવસથી નવા કેસ ૩૦-૪૦ હજારની સંખ્યામાં નોંધાઈ રહ્યા છે. આરોગ્ય મંત્રાલયના આંકડા અનુસાર, બુધવારના રોજ નોંધાયેલા કેસમાં ૮૦ ટકા કેરળ, મહારાષ્ટ્ર અને નોર્થ ઈસ્ટના રાજ્યોના છે.

ચિંતાજનક વાત એ છે કે દેશના કુલ કેસમાંથી ૫૦ ટકા માત્ર કેરળથી છે. આરોગ્ય મંત્રાલયના જણાવ્યા અનુસાર, ૬૬ ટકા વસ્તી કોરોના સંક્રમિત છે, કન્ટેનમેન્ટ સ્ટ્રેટજી પર ઓછું ધ્યાન આપવામાં આવ્યું છે અને ઈદના અવસર પર છૂટ આપવામાં આવી હતી, આ કેસ વધવાના મુખ્ય કારણો છે. કેરળમાં વધતા કેસોને ધ્યાનમાં રાખીને સરકાર પોતાની ટીમ કેરળ મોકલશે. આ ટીમમાં ૩-૪ સભ્યો હશે. આ ટીમ હોસ્પિટલમાં બેડની સ્થિતિ, એમ્બ્યુલન્સ, વેન્ટીલેટર અને મેડિકલ ઓક્સિજનની સાથે સાથે કોરોના રસીકરણના પૂરતા સંસાધનોની સ્થિતિ જોશે.

**કેરળમાં ૬૬ ટકા વસ્તિ કોરોનાથી સંક્રમિત, છેલ્લા ૨૪ કલાકમાં ૨૧ હજારથી વધુ પોઝિટિવ કેસ નોંધાયા, ૩૧ જુલાઈ અને ૧ ઓગસ્ટે સંપૂર્ણ લોકડાઉન રહેશ**

રાજ્યમાં સૌથી વધારે સંક્રમિત લોકો મલપ્પુરમમાં ૩૯૩૧, ત્રિશૂરમાં ૩૦૦૫, કોઝિકોડમાં ૨૪૦૦, એર્નાકુલમમાં ૨૩૯૭, પલક્કડમાં ૧૬૪૯ અને કોલ્લમમાં ૧૪૬૨, અલાપ્પુઝામાં ૧૪૬૧, કન્નૂરમાં ૧૧૭૯, તિરુવનંતપુરમમાં ૧૧૦૧, કોટ્ટાયમમાં ૧૦૬૭ કેસ આવ્યા છે. જાહેરાતમાં કહેવામાં આવ્યું છે કે નવા મામલામાં ૧૦૦ સ્વાસ્થ્ય કર્મી સામેલ છે. રાજ્યમાં વિભિન્ન જિલ્લાના હાલ ૪,૪૬,૨૧૧ લોકો ઓબ્જર્વેશનમાં છે.

## મોદી સરકારનો મહત્વનો નિર્ણય: મેડિકલ કોર્સમાં OBCને ૨૭%, EWSને ૧૦% અનામતને મંજૂરી

ન્યુ દિલ્હી,

મોદી સરકારે મેડિકલ કોલેજોમાં એડમિશનમાં ઓબીસી અને આર્થિક રીતે નબળા વર્ગના છાત્રો માટે અનામત મંજૂર કરી લીધી છે. હવે બંને ગ્રેજ્યુએટ (એમબીબીએસ, બીડીએસ), પોસ્ટ ગ્રેજ્યુએટ અને ડિપ્લોમા સ્તરના મેડિકલ કોર્સીઝમાં પ્રવેશ માટે અન્ય પછાત વર્ગ (ઓબીસી)ના વિદ્યાર્થીઓને ૨૭ ટકા અને આર્થિક રીતે નબળા વર્ગના વિદ્યાર્થીઓને ૧૦ ટકા અનામત મળશે.આ નિર્ણયથી લગભગ ૫૫૫૦ વિદ્યાર્થીઓને લાભ થશે. આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલયે કહ્યું છે કે, સરકાર પછાત અને ઈડબલ્યુએસ વર્ગ બંને માટે યોગ્ય અનામત આપવા પ્રતિબદ્ધ છે. દર વર્ષે એમબીબીએસમાં લગભગ ૧૫૦૦ ઓબીસી સ્ટૂડન્ટ્સ અને પોસ્ટગ્રેજ્યુએટ્સમાં ૨૫૦૦ ઓબીસી વિદ્યાર્થીઓને ફાયદો થઈ શકે છે. એ જ રીતે એમબીબીએસમાં લગભગ ૫૫૦ ઈડબલ્યુએસ વિદ્યાર્થીઓ અને પોસ્ટ ગ્રેજ્યુએશનમાં ૧૦૦૦ ઈડબલ્યુએસ વિદ્યાર્થીઓને લાભ થઈ શકે છે.આ વ્યવસ્થા ઓલ ઈન્ડિયા કોટા અંતર્ગત યુજી અને પીજી મેડિકલ/ડેન્ટલ કોર્સીઝ (એમબીબીએસ/ એમડી/ એમએસ/ ડિપ્લોમા/બીડીએસ/ સ્ઢજી) માટે હાલના એકેડેમિક સત્ર ૨૦૨૦-૨૧થી લાગુ થશે.

**આ યોજના ૨૦૨૧-૨૨ના સત્રથી શરૂ થશે, મેડિકલમાં ઓબીસી અને ઈડબલ્યુએસને અનામતના નિર્ણયથી લગભગ ૫૫૫૦ વિદ્યાર્થીઓને ફાયદો થશે**

ઘણા સમયથી તેને લઈને માગ થઈ રહી હતી. એક દિવસ પહેલા જ કેન્દ્રીય મંત્રી ભૂપેન્દ્ર યાદવના નેતૃત્વમાં ઓબીસી સાંસદોના એક પ્રતિનિધિમંડળે વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે મુલાકાત કરી નીટ યુજી અને પીજીમાં અખિલ ભારતીય કોટામાં ઓબીસી અને ઈડબલ્યુએસ ઉમેદવારો માટે યોગ્ય અનામતની માગ કરી હતી.બે દિવસ પહેલા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ઓલ ઈન્ડિયા મેડિકલ એજ્યુકેશન કોટામાં અન્ય પછાત વર્ગ (ઓબીસી) અને આર્થિક રીતે નબળા વર્ગો (ઈડબલ્યુએસ) માટે અનામતના મુદ્દાની સમીક્ષા કરી હતી. તેમણે સંબંધિત મંત્રાલયોને તેને પ્રાથમિકતાના આધાર પર ઉકેલવા નિર્દેશ આપ્યો હતો. સોમવારે બેઠકમાં કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાન, આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રી મનસુખ માંડવીયા, શિક્ષણ, આરોગ્ય અને પરિવાર કલ્યાણ, કાયદા તેમજ ન્યાય અને સમાજ કલ્યાણ સચિવોની સાથે-સાથે અન્ય સીનિયર અધિકારી પણ સામેલ થયા અને કોટાના મુદ્દે ચર્ચા કરવામાં આવી.મેડિકલ શિક્ષણમાં ઓલ ઈન્ડિયા કોટામાં ઓબીસી અનામત આપવાની લાંબા સમયથી માગ કરવામાં આવી રહી છે. દેશની જુદી-જુદી કોર્ટોમાં ઘણા કેસ પણ થયા છે અને પરંતુ આ મામલો લાંબા સમયથી પડતર છે.મેડિકલ એડમિશનની ઓલ ઈન્ડિયા કોટાની સીટોમાં ઓબીસીને અનામત આપવાની માંગણી ઘણાં સમયથી કરવામાં આવતી હતી. આ મુદ્દે કેન્દ્રીય શ્રમ અને પર્યાવરણ મંત્રી ભૂપેન્દ્ર યાદવ, કેન્દ્રીય સ્ટીલ મંત્રી આરસીપી સિંહના નેતૃત્વમાં અનુપ્રિયા પટેલ અને અન્ય ઓબીસી સાંસદો અને મંત્રીઓએ વડાપ્રધાન નરેન્દ્ર મોદીની મુલાકાત કરી હતી. આ કેન્દ્નીય મંત્રીઓએ સરકારનું ધ્યાન અનામતની જોગવાઈ તરફ ખેંચ્યું હતું.

## ચોમાસું સત્રમાં હંગામો : ૭ દિવસની કાર્યવાહીમાં ૧૨ કલાક ચાલી સંસદ, ૫૩.૮૫ કરોડ રૂપિયા બરબાદ

ન્યુ દિલ્હી,

ચોમાસું સત્રનુ બીજુ સપ્તાહ પૂરૂ થવાનુ છે, પરંતુ સંસદમાં શાંતિ ભંગ કરવાની પ્રક્રિયા પૂરી થઈ નથી. પેગાસસ જાસૂસી કાંડ અંગે ચર્ચાની માંગ અંગે વિપક્ષ મક્કમ છે, ત્યારે સરકાર મક્કમ છે કે તે વિપક્ષને રાજકીય ધોરણે સ્કોર કરવાની મંજૂરી નહીં આપે.

૧૯ મી જુલાઈથી શરૂ થયેલા ચોમાસુ સત્રમાં સંસદ ૯ દિવસ જ ચાલી છે. છેલ્લા ૭ દિવસની કાર્યવાહીની વાત કરીએ તો લોકસભા ૪ કલાક અને રાજ્યસભા ૮.૨ કલાક ચાલી છે. લોકસભામાં ૩૮ કલાક હોબાળો મચ્યો હતો, જ્યારે રાજ્યસભામાં ૩૩.૮ કલાક કાર્યવાહી ખોરવાઈ હતી. આ દરમિયાન બંને ગૃહો સાથે મળીને સરકારી તિજોરીના ૫૩.૮૫ કરોડ રૂપિયા સ્વાહા થયા છે. ગૃહની એક કલાકની



કાર્યવાહીનો ખર્ચ લગભગ ૨.૫ લાખ રૂપિયા છે.ગુરુવારે, લોકસભા અધ્યક્ષે એક ચેતવણી આપી હતી, ગૃહની કાર્યવાહી દરમિયાન હંગામો કરવા અંગે સખત નારાજગી વ્યક્ત કરી હતી. તેમણે કહ્યું કે ગઈકાલની (૨૮ જુલાઈ) ની ઘટના ખૂબ જ દુખદ અને ગૃહના ધોરણોની વિરુદ્ધ છે. ગઈકાલે જે પણ થયું તે આ પ્રતિષ્ઠિત ગૃહની મૂળ નૈતિકતાની વિરુદ્ધ છે. જો કોઈની સામે કોઈ ફરિયાદ હોય, તો કોઈપણ સભ્ય આવીને મારી ચેમ્બરમાં તેની સમસ્યા કહી શકે છે.

ઓમ બિરલાએ ચેતવણી આપી હતી કે લોકસભા અધ્યક્ષ અથવા સ્પીકર પર કાગળ ફેંકવા સ્વીકાર્ય નથી. ગૃહના સભ્યો લાખો લોકોનું પ્રતિનિધિત્વ કરે છે અને આવી ઘટનાઓનું પુનરાવર્તન કરવામાં આવી રહ્યું છે. હવે આવી ઘટનાનું પુનરાવર્તન થાય તો કાર્યવાહી કરી શકાય છે. આપને જણાવી દઈએ કે બુધવારે પ્રશ્નાત્મક સમય દરમિયાન, લોકસભામાં કેટલાક વિપક્ષી સાંસદોએ પેપર ફાડીને તેને ફેંકવા લાગ્યા હતા. એટલું જ નહીં, તેમણે લોકસભા અધ્યક્ષ ઉપર પણ કાગળના ટુકડા પણ ફેંકી દીધા.

## અમેરિકાના અલાસ્કામાં ૮.૨ની તિવ્રતાનો ભૂકંપ, ભારે તબાહીની આશંકા

અલાસ્કા,

અમેરિકાના અલાસ્કા પેનિનસુલામાં બુધવાર રાત્રે ભયાનક ભૂકંપના ઝાટકા મહેસૂસ થયા. આ ભૂકંપની તીવ્રતા રેકટર સ્કેલ પર ૮.૨ મપાઈ છે. આ ઝટકો એટલો તેજ હતો કે ત્યારબાદ સુનામીની ચેતવણી રજૂ કરી દેવાઈ છે. ઝાટકાના લીધે ભયાનક તબાહીની આશંકા વ્યકત કરાઈ છે.અમેરિકન જિયોલોજિકલ સર્વેએ રાત્રે ૧૧:૧૫ વાગ્યે ધરતીથી ૨૯ માઈલ નીચે ભૂકંપ મહેસૂસ કર્યો. તેની અસર કેન્દ્રથી કયાંય દૂર સુધી થઈ છે. યુએસજીએસના મતે બાદમાં કમ સે કમ બે બીજા મોટા ઝાટકા આવ્યા છે. તેની તીવ્રતા ૬.૨ અને ૫.૬ કહેવાય છે. છેલ્લાં સાત દિવસમાં આ વિસ્તારના ૧૦૦ માઈલની અંદર ૩ની તીવ્રતાથી વધુનો ભૂકંપ આવ્યો નથી.આ ઝાટકા બાદ દક્ષિણ અલાસ્કા, અલાસ્કાના પેનિનસુલા અને અલિયુન્ટીએન ટાપુ પર સુનામીની ચેતવણી આપવામાં આવી છે. રિપોર્ટસના મતે ભૂકંપનું કેન્દ્ર બિંદુ જમીનથી ખાસ નીચે ના હોવાના લીધે એટલું નુકસાન ના હોય જેટલું તેના લીધે ઉઠનાર સુનામીની લહેરથી થાય. તો દેશના પશ્ચિમી તટ પર થનાર નુકસાનની આકરણી કરાય રહી છે.

## ઓનલાઈન ગેમિંગની લતથી બાળકોની સુરક્ષા માટે એક રાષ્ટ્રીય નીતિ તૈયાર કરવામાં આવેઃ હાઈકોર્ટ

ન્યુ દિલ્હી,

હાઈકોર્ટે કેન્દ્ર સરકારને એ આવેદન પર વિચાર કરવા નિર્દેશ આપ્યો છે જેમાં 'ઓનલાઈન ગેમિંગની લત'થી બાળકોની સુરક્ષા માટે એક રાષ્ટ્રીય નીતિ તૈયાર કરવાનો આગ્રહ કરવામાં આવ્યો છે. તે સિવાય સરકારને ઓનલાઈન અને ઓફલાઈન સહિત બંને ગેમિંગ સામગ્રીના મોનિટરીંગ માટે કમિટીની રચના અંગે વિચાર કરવા પણ નિર્દેશ આપવામાં આવ્યો છે. મુખ્ય ન્યાયાધીશ ડીએન પટેલ અને ન્યાયમૂર્તિ જ્યોતિ સિંહની ખંડપીઠે જણાવ્યું કે, સંબંધિત ઓથોરિટી નક્કી કરેલા કાયદા, નિયમો, વિનિયમો અને સરકારી નીતિઓ પ્રમાણે આ મુદ્દે નિર્ણય લે. ખંડપીઠે આ નિર્દેશ એનજીઓ ડિસ્ટ્રેસ મેનેજમેન્ટ કલેક્ટિવ દ્વારા અધિવક્તા રોબિન રાજૂ અને દીપા જોસેફના માધ્યમથી દાખલ કરવામાં આવેલી એક જનહિત અરજી પર આપ્યો છે. આ અરજી ઓનલાઈન ગેમના દુષ્પ્રભાવોથી સંબંધિત છે. અધિવક્તા રાજૂએ પીઠ સમક્ષ એવો તર્ક આપ્યો હતો કે યુવાનો ગેમની લતથી પીડિત છે. આ ગેમ એટલી તીવ્ર છે કે તે આત્મહત્યા, અપરાધના ઝુકાવ તરફ લઈ જાય છે. આ કારણે આ મુદ્દાને ગંભીરતાથી લેવાની જરૂર છે. સરકાર પાસે સ્થિતિનો સામનો કરવા માટે કોઈ નીતિ નથી. આ સંજોગોમાં સરકારને એક નિયમનકારી સંસ્થાની રચના કરવાનો નિર્દેશ આપવામાં આવે.

અરજીમાં કહેવામાં આવ્યું છે કે, આ ગેમ સાઈબર બુલિંગ, યૌન અને વિત્તીય ઉત્પીડનનો એક સ્ત્રોત પણ છે. તેમણે ઓનલાઈન ગેમ, ખાસ કરીને ઓનલાઈન જુગાર પર ચિંતા વ્યક્ત કરીને મદ્રાસ હાઈકોર્ટને વર્તમાન આદેશનો હવાલો પણ આપ્યો હતો. મદ્રાસ હાઈકોર્ટે તાજેતરમાં જ ઓનલાઈન જુગારને નિયમિત કરવા માટે એક કાયદો લાવવા સૂચન કર્યું હતું.

## તાલિબાન કોઈ પણ પ્રકારનું સૈન્ય સંગઠન નથી, તે સામાન્ય નાગરિક છેઃ ઈમરાન ખાન

ઈસ્લામાબાદ,

પાકિસ્તાનના પ્રધાનમંત્રી ઈમરાન ખાન નિયાજીએ અફઘાનિસ્તાનમાં ખૂનની હોળી ખેલી રહેલા તાલિબાન આતંકીઓને સામાન્ય નાગરિક ગણાવ્યા છે. તેમણે એમ પણ કહ્યું કે અમેરિકાએ અફઘાનિસ્તાનમાં બધું જ બર્બાદ કરી નાંખ્યું. ઈમરાને કહ્યું કે પાકિસ્તાનમાં ૩૦ લાખ શરણાર્થી રહે છે અને પાકિસ્તાન કેવી રીતે તેની વિરૂદ્ધ કાર્યવાહી કરી શકે છે. તેમણે કહ્યું કે આ શરણાર્થીઓમાં મોટાભાગના પશ્તૂન છે. આ એ જ જાતિ છે જે અફઘાનિસ્તાનમાં લડી રહ્યું છે.ઈમરાન ખાને પીબીએસને આપેલા ઈન્ટરવ્યુમાં કહ્યું કે હવે તેમની ૫ લાખ લોકોની શિબિર છે. તાલિબાન કોઈપણ પ્રકારનું સૈન્ય સંગઠન નથી, તે સામાન્ય નાગરિક છે. જો આ શિબિરોમાં સામાન્ય નાગરિક છે તો પાકિસ્તાન તેમની વિરૂદ્ધ કેવી રીતે કાર્યવાહી કરી શકે છે. તમે તેમને (આંતકીઓની) શરણસ્થળી કેવી રીતે કહી શકો છો. જ્યારે તેમને પાકિસ્તાનમાં આતંકીઓના સુરક્ષિત આશરા અંગે પૂછ્યું તો કહ્યું કે કયાં સુરક્ષિત આશરો છે? પાકિસ્તાનમાં ૩૦ લાખ શરણાર્થી છે. તેઓ એ જાતિમાંથી આવે છે જેમાંથી તાલિબાન આવે છે.પાકિસ્તાન પર લાંબા સમયથી આરોપ લાગતા રહ્યા છે કે તેઓ અફઘાન સરકારની વિરૂદ્ધ તાલિબાનની સૈન્ય, નાણાંકીય અને ગુપ્તચર મદદ કરી રહ્યું છે. ઈમરાન ખાને આ આરોપોને નકારતા કહ્યું કે આ સંપૂર્ણપણે અનુચિત છે. ઈમરાન ખાને દાવો કર્યો કે હજારોની સંખ્યામાં પાકિસ્તાની લોકોએ અફઘાનિસ્તાનમાં અમેરિકન યુદ્ધ દરમ્યાન પોતાના જીવ ગુમાવી દીધા. એ પણ ત્યારે જ્યારે પાકિસ્તાનને આ યુદ્ધ સાથે કોઈ લેવા-દેવા નથી.

## ૪૫૦થી વધુ સ્ટાફનર્સ-હેડનર્સને મળશે પ્રમોશન-ટ્રાન્સફરઃ ના.મુખ્યમંત્રી



ગાંધીનગર,

કોરોના મહામારીમાં ફ્રન્ટલાઈન વોરિયર્સ તરીકે કામગીરી બજાવનાર રાજ્યની હોસ્પિટલોના તબીબી સ્ટાફ માટે મોટા સમાચાર સામે આવતા છે. નાયબ મુખ્યમંત્રી અને રાજ્યના આરોગ્ય મંત્રી નીતિન પટેલ દ્વારા નિર્ણય લઈને મોટા પાયે બઢતી એ બદલીઓ કરવામાં આવી છે.નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે સોશિયલ મીડિયાના માધ્યમથી જણાવ્યું છે કે ૩૬૬ જેટલી સ્ટાફ નર્સને હેડ નર્સ તરીકે પ્રમોશન આપવામાં આવ્યું છે તો સાથે સાથે ૧૦૭ હેડનર્સની બદલી કરવામાં આવી છે.નાયબ મુખ્યમંત્રીએ જણાવ્યું છે કે ૩૬૬ સ્ટાફનર્સ અને ૧૦૭ હેડનર્સ દ્વારા તેમના વતન નજીક પરિવારની પાસે બદલી અને બઢતી આપવા માંગ કરવામાં આવી હતી. કોરોના મહામારીના મેડિકલ સ્ટાફની કામગીરીને બિરદાવવાના અને તેમની સેવાનું સન્માન કરવાના ભાગરૂપે આરોગ્ય વિભાગે તેમની માંગ સ્વીકારી છે અને તેમને જરૂરિયાત મુજબ બદલી અને બઢતી આપવામાં આવી છે.

## મેડિકલ કોલેજ રેગિંગ કાંડ બાદ મોકૂફ કરાયેલી MBBS પરીક્ષા ૩ ઓગસ્ટે લેવાશે

વડોદરા,

વડોદરામાં ગોત્રી વિસ્તારમાં આવેલી જીએમઈઆરએસ મેડિકલ કોલેજની હોસ્ટેલમાં રેગિંગનો મામલો સામે આવ્યો હતો, રેગિંગનું પ્રકરણ સામે આવ્યા બાદ એમબીબીએસના ત્રીજા વર્ષની પરીક્ષા મોકૂફ કરી દેવામાં આવી હતી હવે ૩ ઓગસ્ટે યોજાશે એમબીબીએસની પરીક્ષા યોજાનાર છે.મહત્વનું છે કે ૨૬ જુલાઈના રોજ પરીક્ષા યોજાવાની હતી પરતું તે જ દિવસે ત્રીજા વર્ષના વિદ્યાર્થીઓએ બીજા વર્ષના વિદ્યાર્થીઓની રેગિંગ કરી હોવાનું સામે આવ્યું હતું જેમાં પૂર્વ વિદ્યાર્થીઓએ બીજા વર્ષના વિદ્યાર્થીઓને વહેલી સવારે એકઠા કરી ઉઠબેસ કરાવતા કેટલાક વિદ્યાર્થીઓની તબિયત લથડી હતી. રેગિંગની આ ઘટના બાદ વિદ્યાર્થીઓમાં ડરનો માહોલ છે અને કેટલાક વિદ્યાર્થીઓ હોસ્ટેલમાંથી ઘરે જતા રહ્યા છે. જે બાદ પરીક્ષા મોકૂફ કરી દેવામાં આવી હતી. જે બાદ મામલો સામે આવ્યા બાદ રેગિંગ મામલે જવાબદાર બે રેસિડેન્ટ તબીબને છૂટા કરાયા છે. કોલેજના ડીને પણ રેગિંગ અંગેની કબૂલાત કરી હતી અને રેગિંગ કરનાર તબિબો સામે કાર્યવાહી કરવામાં આવી હોવાનું પણ જણાવ્યું હતું. જો કે ઘટનાની તાત્કાલિક અસરને પગલે બે પૂર્વ વિદ્યાર્થીઓ પાણીચું પકડાવી દેવામાં આવ્યું હતું જ્યારે ત્રીજા વર્ષના ૫ વિદ્યાર્થીઓ અને એક ઈન્ટર્ન તબીબને છ માસનું એકેડેમિક સસ્પેન્શન આપી દેવામાં આવ્યું હતું.

### જજના મોતની તપાસ એસઆઈટી કરશે, હત્યાના કાવતરાની આશંકા

## ઝારખંડના ધનબાદમાં મોર્નિંગ વોક કરતા જજને રિક્ષાએ ટક્કર મારતા મોત

ધનબાદ,

ઝારખંડના ધનબાદમાં મોર્નિંગ વોક કરી રહેલા જિલ્લા તથા સત્ર ન્યાયાધીશ ઉત્તમ આનંદના દુર્ઘટનામાં મોતનો મામલો સુપ્રીમ કોર્ટ પહોંચી ગયો છે. સુપ્રીમ કોર્ટ બાર એસોસિએશનએ સુપ્રીમ કોર્ટને આ સમગ્ર મામલાની સ્વતંત્ર તપાસની માંગ કરી છે. એસસીબીએએ સુપ્રીમ કોર્ટને કહ્યું છે કે આ મામલાની સ્વતંત્ર તપાસ થવી જોઈએ કારણ કે જે રીતે ઘટનાને અંજામ આપવામાં આવ્યો છે, તેની પાછળ મોટું કાવતરું હોઈ શકે છે.

ઝારખંડના ધનબાદમાં જિલ્લા અને એડિશનલ જજ ઉત્તમ આનંદની હત્યા કેસમાં ગુરુવારે બપોરે ઝારખંડ પોલીસે સ્પેશિયલ ઈન્વેસ્ટીગેશન ટીમની રચના કરી છે. એડીજી અભિયાન સંજય આનંદ લાટ્કરના નેતૃત્વમાં આ ટીમ તપાસ કરશે. એસઆઈટી બોકારો ડીઆઈજી અને એસએસપી ધનબાદને પણ સામેલ કરવામાં આવ્યા છે. ઝારખંડ પોલીસના પ્રવક્તા અમોલ બી હોમકરે જણાવ્યું છે કે, સમગ્ર કેસની તપાસ કરવામાં આવી રહી છે. પોલીસે આ કેસમાં અત્યાર સુધીમાં રિક્ષા ચાલક અને બે શંકાસ્પદ લોકોની ધરપકડ કરી લીધી છે.

મુખ્ય ન્યાયાધીશ જસ્ટિસ એનવી રમણાએ કહ્યું કે, તેમણે ઝારખંડ હાઈકોર્ટના મુખ્ય ન્યાયાધીશ સાથે વાત કરી છે. હાઈકોર્ટે મામલાની જાતે ગંભીર નોંધ લેતા ધનબાદના પોલીસ અધિકારીને સમન્સ પાઠવ્યા છે. હાઈકોર્ટ આ મામલાને જોઈ રહી છે.મૂળે, મોર્નિંગ વોક પર ગયેલા જજ ઉત્તમ આનંદની દુર્ઘટનામાં મોતના જે સીસીટીવી ફુટેજ સામે આવ્યા છે, તેનાથી ઘણે અંશે એવું સ્પષ્ટ થયું છે કે ઓટો ડ્રાઈવરે ટક્કર જાણીજોઈને મારી છે. પૂર્વ ધારાસભ્યના નજીકના રંજય હત્યાકાંડ જેવા અનેક અગત્યના કેસોની સુનાવણી કરનારા જજના મોતને હત્યાનો મામલો માનીને પોલીસ દરેક પાસા પર તપાસ કરી રહી છે. પોલીસના ઉચ્ચ અધિકારીઓએ કહ્યું કે ટૂંક સમયમાં આ કાંડનો ખુલાસો કરી આરોપીઓને સજા અપાવવામાં આવશે. બીજી તરફ, ધારાસભ્યએ આ મામલામાં સીબીઆઈ તપાસની માંગ કરી છે.

નોંધનીય છે કે, ધનબાદના જિલ્લા અને સત્ર ન્યાયાધીશ ઉત્તમ આનંદ બુધવાર સવારે મોર્નિંગ વોક કરી રહ્યા હતા. ત્યારે રણધીર વર્મા ચોક પાસે એક ઓટોએ તેમને ટક્કરશ મારી દીધી હતી. જજને મારવામાં આવેલી આ ટક્કરના સીસીટીવી સામે આવ્યા છે. જેમાં જોવા મળી રહ્યું છે કે ટેમ્પો જેવી ઓટો પહેલા સીધા રસ્તા પર જઈ રહી હતી અને જજ રસ્તા કિનારે ચાલી રહ્યા હતા. પરંતુ અચાનક રસ્તા કિનારે આવીને ઓટો જજને ટક્કર મારી ફરાર થઈ જાય છે. હવે પોલીસ આ મામલામાં હત્યાના એન્ગલથી પણ તપાસ કરી રહી છે પરંતુ મીડિયાથી અંતર રાખવામાં આવ્યું છે.

# સંતરામપુર જુની અંબિકા લોજ થી નવા બજાર જવાના માર્ગ ઉપર ગટરની તુટેલી જાળી થી મોટા અકસ્માતને નોતરૂ



સંતરામપુર, સંતરામપુર નગરમાં જુની અંબીકા લોજના ખાંચા માંથી નવાબજાર જવા માટે રસ્તામાં વળાંકમાં આવેલ ગટર પર લોખંડની જાળી ફીટ કરાયેલ જે આ કામગીરી બરાબર થયેલ ના હોઈ આ જાળી ઉખડી ગયેલ છે. અને આ અંગેની રીપેરીંગની કામગીરી લાંબા સમય સુધી સંતરામપુર નગરપાલિકા દ્વારા નહીં કરાતાં આજરોજ આ રસ્તે થી પસાર થઈ રહેલ એક કાર આ ગટરની તુટેલી જાળીમાં ફસાઈ જવાં પામેલ ને આ ફસાયેલી કારને ગટર માંથી બહાર કાઢવામાં આજુબાજુના યુવાનો એ ભેગા થઈને આ ફસાયેલી કારને ગટર માંથી બહાર ઊંચકીને કાઢેલ હતી. નગરપાલિકા સંતરામપુર દ્વારા આ કામગીરી સારી રીતે અને ગુણવતતાયુકત કરાવશે ખરી!!!

# મહિસાગર જીલ્લા આયુષ હોમીયોપેથીક મેડીકલ એસોશીએશન દ્વારા કલેકટરને આવેદન આપી જાહેરનામાની કડક અમલવારીનો વિરોધ વ્યકત કર્યો



લુણાવાડા, મહિસાગર જીલ્લાના સંતરામપુરમાં ગોધરા ભાગોળ વિસ્તારમાં આવેલ પ્રિયલ હોસ્પિટલમાં ફરજ બજાવતી નર્સ દ્વારા ગર્ભપાત કરાવાનો કિસ્સો સામે આવ્યો હતો. જેને લઈ જીલ્લા કલેકટર અધિકારી દ્વારા જાહેરનામું પાડીને સરકારી માન્યતા પ્રાપ્ત મેડીકલ અને પેરામેડીકલ સ્ટાફ રાખવા તેમજ સ્ટાફનું પોલીસ વેરીફિકેશન કરવાનું સુચન કરવામાં આવ્યું હતું. તેના વિરોધમાં જીલ્લા આયુષ મેડકીલ હોમીયોપેથીક ડાંકટરો દ્વારા જાહેરનામાની કડક અમલવારી કરી કનડગત ન કરવા માટે જીલ્લા કલેકટરને આવેદન આપવામાં આવ્યું.મહિસાગર જીલ્લાના સંતરામપુરમાં મહિલા નર્સ દ્વારા ગર્ભપાતની ચકચારી કિસ્સો પ્રકાશમાં આવતાં તેના પડઘા રાજ્ય સરકાર સુધી પડયા હતા અને આવા કિસ્સાની ગંભીરતાને ધ્યાનમાં લઈ તપાસનો આદેશ કરવામાં આવ્યા હતા અને દોષિતો સામે પગલાં ભરવાની કાર્યવાહી જીલ્લા આરોગ્ય અધિકારી કરાઈ હતી સાથે જીલ્લા કલેકટર દ્વાર જાહેરનામું બહાર પાડવામાં આવ્યું હતું. જીલ્લામાં કોઈપણ પ્રકારની મેડીકલ પ્રેકટીસ કરનાર તબીબોને અને હોસ્પિટલ ચલાવતા તમામ ડાંકટરો, નર્સીંગ સ્ટાફ, કંપાઉન્ડર, વોર્ડ બોય, આયા, પટાવાળા, સરકારી માન્ય પ્રાપ્ત કરેલ સરકારી ડીગ્રી પ્રાપ્ત કરેલ હોય તેવી ભરતી કરવી તેમજ આવા સ્ટાફની પોલીસ વેરીફિકેશન કરવાનું જાહેરાત કરેલ હતી. તેની અમલવારી કરવાની હતી.તેના વિરોધમાં જીલ્લાના આયુષ મેડીકલ હોમીયોપેથીક ડાંકટરો દ્વારા જાહેરનામાની અમલવારી ૩૦ જુલાઈ છેલ્લી તારીખ હોય જેને લઈ આવેદન આપીને આવેદન આપનાર તબીબો દ્વારા ચિમકી ઉચ્ચારવામાં આવી કે, ગુજરાત મેડકીલ એસોશીએસન દ્વારા જોડાયેલા અને તેમને કનડગત કરવામાં ન આવે અને તબીબોની પ્રતિષ્ઠાને નુકશાન ન પહોંચાડવામાં ન આવે નહિ તો તમામ કલીનીક બંધ કરીને ગાંધી ચિંધ્યા માર્ગે હડતાળ કરશું અને સાથે બીજા જીલ્લાના મેડીકલ પ્રેકટીસ કરનારા તબીબોને સામેલ કરીને વિરોધ કરવાનું જણાવી જીલ્લા કલેકટરને આવેદન આપવામાં આવ્યું.

## મહીસાગર જિલ્લામાં કોવિડ-૧૯ ના કારણે અવસાન પામેલકલાકારોને આર્થિક સહાય

લુણાવાડા, રમત ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ દ્વારા રાજ્યમાં કોવિડ-૧૯ કોરોના ના કારણે અવસાન પામેલ કલાકારોને આર્થિક સહાય મળે તેવી વિચારણા કરવામાં આવેલ છે. જેથી આ આર્થિક સહાય આપવા અંગેની નોંધણીની કાર્યવાહી સરળતાથી હાથ ધરી શકાય તે હેતુસર મહીસાગર જિલ્લાના નૃત્ય, નાટ્ય,પપેટ્રી, લોકકલા, ચિત્રકલા, શિલ્પ, સ્થાપત્ય, ગ્રાફિક્સ જેવી એક કે વધુ કલાના ક્ષેત્રમાં ઓછામાં ઓછું ૧૦ વર્ષનું કે તેથી વધુ યોગદાન આપેલ હોય અને પૈકી કોવિડ-૧૯ કોરોના ના કારણે અવસાન પામેલ હોય અને જેમની વાર્ષિક આવક મર્યાદા રૂ.૨.૦૦ લાખની હોય તેમના પરિવારને આ સહાય આપવાની થાય છે. પતિ/પત્ની(પરિવાર) જે હયાત હોય તેમણે તા. ૩૦/૦૭/૨૦૨૧ સમય બપોરે ૧૨ વાગ્યા સુધીમાં જિલ્લા રમત ગમત અધિકારી કચેરી, રૂમ નંબર-૨૩૨,બીજો માળ,કલેક્ટર કચેરી,લુણાવાડા,જી-મહીસાગર ખાતે જિલ્લા રમતગમત અધિકારી પાસે રૂબરૂ જરૂરી આધાર પુરાવા૧.કલાકારનું નામ, સરનામું, મોબાઈલ નંબર, ૨.ઉંમર, ૩.મરણસર્ટીફિકેટ, ૪.કલાકારહોવાના આધાર પુરાવા, ૫.આવકનો દાખલા સાથે વિગત રજુ કરવાની રહેશે. તેમ જિલ્લા રમત ગમત અધિકારીની અખબારીયાદીમાં જણાવવામાં આવ્યું.

## સરદાર પટેલ રાષ્ટ્રીય એકતા પુરસ્કાર-૨૦૨૧ માટેતા.૧૫ ઓગસ્ટ ૨૦૨૧ સુધી અરજી કરી શકાશે

લુણાવાડા, ભારતની એકતા અને અખંડતામાં શ્રેષ્ઠ યોગદાન આપવાના ક્ષેત્રમાં સર્વોચ્ચ નાગરિક સન્માન, સરદાર પટેલ રાષ્ટ્રીય એકતા પુરસ્કાર માટે ઓનલાઈન અરજીની પ્રક્રિયા ચાલી રહી છે અને અરજી કરવાની છેલ્લી તા. ૧૫ ઓગસ્ટ ૨૦૨૧ છે. ભારતના નાગરિકો/સંસ્થાઓ દ્વારા રાષ્ટ્રીય એકતા અને અખંડિતતાને પ્રોત્સાહન પુરૂ પાડવા તથા તેમના નોંધપાત્ર યોગદાનને સન્માનવા માટે આ પુરસ્કાર પ્રદાન કરવામાં આવે છે. તા. ૩૧ ઓકટોબર ૨૦૨૧ના રોજ સરદાર પટેલ રાષ્ટ્રીય એકતા પુરસ્કાર-૨૦૨૧ એનાયત કરવામાં આવનાર છે એમ ગૃહ વિભાગની યાદીમાં જણાવાયુ છે .પાત્રતા ધરાવતા વ્યકિત/સંસ્થા/ સંગઠન તેમના નામાંકન-ભલામણ માત્ર નિયત નમૂનામાં કેન્દ્રીય ગૃહમંત્રાલયની વેબસાઈટ ઓનલાઈન પોર્ટલ www.nationalunityawards.mha.gov.in પર કરી શકાશે.સરદાર વલ્લભભાઈ પટેલના નામ પરથી પુરસ્કૃત કરવામાં આવતા આ પુરસ્કાર ખાસ અને પ્રેરણાદાયક વ્યકિતઓની ઓળખ પ્રદાન કરે છે. જેથી રાષ્ટ્રીય એકતા અને અખંડતાને પ્રોત્સાહન આપી શકાય છે. સાથે જ મજબૂત અને અખંડ ભારતના મહત્વ પર પણ ભાર આપી શકાય.

## સંતરાપુર નગરના મોટાભાગે તમામ માર્ગો ખખડધજ બનતા લોકો પરેશાન માર્ગોની મરામત કરવાની માંગ



સંતરામપુર, સંતરામપુર નગરમાં પહેલા વરસાદ સાથે માર્ગો ઉપર ખાડાઓ પડતા તમામ માર્ગ ખખડધજ બનેલ છે. ખાડાઓમાં મરામત ન કરતાં અકસ્માતનો ભય ત્યારે માર્ગનું રીપેરીંગ કરવાની માંગ ઉઠવા પામી છે.સંતરામપુર નગરના પ્રતાપપુર બ્રિજ, લુણાવાડા રોડ, ભોઈવાડા, એલ.આઈ.સી.ઓફિસ તરફના રસ્તા સહિત તમામ વિસ્તારોના રસ્તાઓ ચોમાસાના પહેલા વરસાદની સાથે ધોવાઈ જતાં માર્ગો ઉપર મોટામસ ખાડાઓ પડેલ છે. પાલિકા વિસ્તારના માર્ગોનુંકામ તકલાદી અને ગુણવતા વગરનું કરતા પહેલા વરસાદ સાથે રસ્તા ઉપર ખાડાઓ પડતા તમામ રસ્તાઓ ખખડધજ બનેલ છે. જેને લઈ અકસ્માત થવાનો ભય સતાવી રહ્યો છે અને અવારનવાર અકસ્માતની નાની મોટી ઘટનાઓ પણ બની રહી છે. ત્યારે સંતરામપુર નગરના તમામ માર્ગોનું મરામત કરવામાં આવે તેવી માંગ ઉઠવા પામી છે.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૭૮, શાલિવાહન શક-૧૯૪૨,વીર સંવત-૨૫૪૭, ઈસ્લામીક સંવત-૧૪૪૨, તા. ૩૦-૦૭-૨૦૨૧, શુક્રવાર, અષાઢ વદ-૭, સૂર્યોદય-૬-૧૯, સૂર્યાસ્ત-૭-૨૭, જૈન નવકારશી-૮-૧૦, આજની રાશિ : મેષ (અ.લ.ઈ.), નક્ષત્રઃ અશ્વિની

- શુભ ચોઘડીયા -

૧૨-૨૭થી અભિજીત ૧૩-૧૯સુધી, ૬-૧૯થી ચલ-લાભ-અમૃત ૧૧-૧૫સુધી, ૧૨-૫૩થી શુભ-૧૪-૩૨સુધી, ૧૭-૪૯થી ચલ ૧૯-૨૭સુધી૨૨-૧૦થી લાભ ૨૩-૩૨સુધી

- શુભ હોરા-

૬-૧૯ થી ૯-૩૬ સુધી, ૧૦-૪૨ થી ૧૧-૪૮ સુધી, ૧૩-૫૯ થી ૧૭-૧૬ સુધી, ૧૮-૨૨ થી ૧૯-૨૭ સુધી

## મહિસાગર વિરપુરની દેસાઈ સી.એમ.હાઈસ્કુલના આચાર્યએ શાળાની ખાનગી રેકર્ડ સોશ્યલ મીડીયામાં ફરતા કર્યાના આક્ષેપ સાથે તપાસની માંગ



લુણાવાડા, મહિસાગર જીલ્લાના વિરપુરની દેસાઈ સી.એમ.હાઈસ્કુલના આચાર્ય દ્વારા સ્કુલના અંગત ડોકયુમેન્ટ ગેરકાયદેસર રીતે સોશ્યલ મીડીયામાં ફરતી કરેલ હોવાના આક્ષેપ સાથે જીલ્લા શિક્ષણ અધિકારીને ફરિયાદ કરાઈ છે. તેમજ તપાસની માંગ કરવામાં આવી છે.મહિસાગર જીલ્લાના વિરપુરની દેસાઈ સી.એમ.હાઈસ્કુલના આચાર્ય કે.બી.પટેલ દ્વારા સ્કુલના અંગત ડોકયુમેન્ટમાં જી.આર. રજીસ્ટરના ફોટો તેમજ લિવીંગ સર્ટીફિકેટની ઓ.સી.ઝેરોક્ષ બહાર પાડીને સોશ્યલ મીડીયામાં ફરતી કર્યા હોવાના આક્ષેપ ઉઠયા છે. આચાર્ય એ વ્યકિતગત લાભ લઈને ગેરકાયદેસર રીતે શાળાનું ખાનગી રેકર્ડ સોશ્યલ મીડીયામાં ફરતું કરવામાં આવ્યું હોવાના આક્ષેપ સાથે જીલ્લા શિક્ષણ અધિકારીને ફરિયાદ કરવામાં આવી છે. શાળાના ખાનગી રેકર્ડને સોશ્યલ મીડીયામાં ફરતા કરવાના મામલાની તપાસ કરીને આચાર્ય સામે કાયદેસર કાર્યવાહી કરવામાં આવે છે. ત્યારે જીલ્લા શિક્ષણાધિકારી આ બાબતે તપાસ કરાવશે ખરા ? તેવી ચર્ચાએ સ્થાન લીધું છે.

## મહીસાગર જિલ્લાના જાહેર સ્થળો અને જિલ્લા/તાલુકા સેવા સદન કે કોઈપણ સરકારી કચેરીઓની બહાર કે સદનના પરિસરના ૨૦૦ મીટરની ત્રિજ્યામાં ધરણા, પ્રતિક ધરણા જેવા કૃત્યો કરવા પર પ્રતિબંધ

લુણાવાડા, મહીસાગર જિલ્લામમાં જાહેર સ્થધળોએ વગર પરવાનગીએ ધરણા, રેલી, સરઘસ, દેખાવો જેવા કાર્યક્રમોમાં ચાર કે તેથી માણસો એકઠાં ન થાય, સુલેહ શાંતિનો ભંગ ન થાય, જિલ્લાગ/તાલુકા સેવા સદને પોતાના કામ અર્થે આવતાં નાગરિકોને કોઈ અગવડતા ન પડે તથા કાયદો અને વ્યવસ્થાલની પરિસ્થિગતિ જળવાઈ રહે તે માટે મહીસાગરના અધિક જિલ્લાસ મેજિસ્ટ્રે ટ એ.આઈ.સુથાર જિલ્લી સેવા સદન, મહીસાગર તથા જિલ્લાથના લુણાવાડા, ખાનપુર, બાલાસિનોર, વિરપુર, સંતરામપુર તથા કડાણા તાલુકા સેવા સદન તેમજ અન્યુ તમામ સરકારી કચેરીઓની બહાર કે સદર જિલ્લાડ/તાલુકા સેવા સદનના પરિસરથી ૨૦૦ મીટરની ત્રિજ્યામાં અનઅધિકૃત/ગેરકાયદેસર રીતે કોઈપણ વ્યરકિતએ/વ્યડકિતઓને એકી સાથે કોઈપણ જગ્યાએ ચાર કે તેથી વધુ માણસો ભેગા થવા કે કોઈ મંડળી બનાવી ધરણા, પ્રતિકધરણા, પ્રતિકદેખાવો, ભૂખ હડતાળ પર બેસવા, ઉપવાસ કે આમરણાંત ઉપવાસ ઉપર બેસવા તેમજ સરઘસ/રેલી કાઢવા ઉપર તાત્કાલિક અસરથી અમલમાં આવે તે રીતે તા. ૨૯/૦૭/૨૦૨૧ થી તા. ૦૯/૦૮/૨૦૨૧(બન્ને દિવસો સહિત) સુધી મનાઈ ફરમાવી છે.

આ જાહેરનામું જેઓ ફરજ પર સરકારી નોકરી અથવા રોજગારમાં હોય તેવી વ્યથકિતઓ, ગૃહરક્ષકદળની વ્યેકિતઓ કે જેઓને સક્ષમ અધિકારી તરફથી આપવામાં આવેલ ખાસ કિસ્સાઅ તરીકે પરવાનગી આપવામાં આવી હોય તેઓને લાગુ પડશે નહીં.

આ જાહેરનામાનો ભંગ કે ઉલ્લંઘન કરનાર વ્યક્તિ શિક્ષાને પાત્ર ઠરશે. જ્યારે હુકમનો ભંગ કરનાર સામે ક્ષેત્રાધિકાર ધરાવતા પોલીસ સબ ઈન્પેભં કટર દરજ્જાથી ઉતરતા ન હોય તેવા અધિકારીને ફરિયાદ નોંધવવા માટે અધિકૃત કરવામાં આવેલ છે.

## ગરબાડાના ગુલબાર ગામે પતિ દ્વારા પત્નીના ચારીત્ર્યના વ્હેમ રાખી ત્રાસ આપતાં ફરિયાદ

ગરબાડા, દાહોદ જિલ્લાના ગરબાડા તાલુકાના ગુલબાર ગામે રહેતી એક પરણિતાને તેના પતિ દ્વારા પરણિતા પર ચારિત્ર્ય મામલે ખોટા શક વહેમ રાખી અવાર નવાર શારિરીક અને માનસીક ત્રાસ આપતો હતો અને મારી નાંખવાની ધમકી આપતો હતો અને પરણિતાને તેના પિયરમાં મુકી પતિ જતો રહેતાં આ સંબંધે પરણિતા દ્વારા ન્યાયની ગુહાર માટે મહિલા પોલીસ સ્ટેશનના દરવાજા ખટખટખટાવ્યું જાણવા મળે છે.

ગુલબાર ગામે વચલુ ફળિયામાં રહેતી ૨૬ વર્ષીય સબુબેન નરેશભાઈ મંડોરીયાએ દોઢ વર્ષ પહેલા નરેશભાઈ મંડારીયા સાથે એકબીજાની સહમતીથી પ્રેમલગ્ન કર્યાં હતાં. શરૂઆતમાં છ માસ જેટલું સબુબેનને પતિ નરેશભાઈ દ્વારા સારૂં રાખ્યા બાદ તેનું પોત પ્રકાશ્યું હતું અને સબુબેન ઉપર ચારિત્ર્ય ઉપર ખોટા શક વહેમ રાખી અવાર નવાર બેફામ ગાળો અને મારી નાંખવાની ધમકી આપતો હતો અને કહેલ કે, તુ તારા બાપાના ઘરે જતી રહે, તેમ કહી પરણિતા સબુબેનને તેના પિયરમાં મોકલી આપી હતી.

આ સંબંધે ન્યાયની માંગણી સાથે પરણિતા સબુબેન નરેશભાઈ મંડોરીયાએ મહિલા પોલીસ મથકે પહોંચી પોતાના પતિ નરેશભાઈ મંડોરીયા વિરૂદઘ ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## દૈનિક રાશીફળ

તા.૩૦.૦૭.૨૦૨૧ શુક્રવાર

મેષ (અ.લ.ઈ.):- તમારૂં ખરાબ વર્તન તમારી પત્નીનો મૂડ ખરાબ કરી મુકશે. તમારે એ સમજવું જોઈએ કે કોઈકનું અપમાન તથા કોઈકને હળવાશથી લેવાનો અભિગમ સંબંધને ખૂબ જ મુશ્કેલીમાં મુકી દે છે.

વૃષભ(બ.વ.ઉ.):- તમારી ઘટેલી જીવનશક્તિ સિસ્ટમમાંના ધીમા ઝેરની જેમ કામ કરશે. તમારી જાતને કોઈક રચનાત્મક કામમાં વ્યસ્ત રાખવી તથા બીમારી સામે લડવા માટે પ્રેરણા આપવાનું ચાલુ રાખવું જોઈએ. તમે તેજસ્વી નવા વિચારો સાથે સામે આવશો, એ વિચારો તમને આર્થિક લાભ આપવશે.

મિથુન(ક.છ.ઘ.):- તમારૂં મોહિત કરનારૂં વર્તન ધ્યાન આકર્ષિત કરશે. અન્યોને પ્રભાવિત કરવા વધુ પડતો ખર્ચ ન કરી નાખતા. તમારા પરિવારને યોગ્ય સમય આપો. તેમને એ અનુભૂતિ થવા દો કે તમને તેમની પરવા છે. તેમની સાથે ગુણવત્તાસભર સમય વિતાવો.

કર્ક(ડ.હ.):- મિત્રો સહકાર આપશે તથા તમને ખુશ રાખશે. સટ્ટાકીય પ્રવૃત્તિઓ નફો લાવશે. દૂરના સ્થળેથી કોઈ સંબંધી તમારો સંપર્ક કરી શકે છે. આવતીકાલે તમને કામ પર મોડું થવાનું છે એ સંદેશ તમારે તમારા પ્રિયપાત્રને જરૂર પહોંચાડવો જોઈએ.

સિંહ(મ.ટ.):- તમારૂં વ્યક્તિત્વ આજે અત્તરની જેવું કામ કરશે. આ રાશિ ના એ લોકો જે વિદેશ થી વેપાર કરે છે તે લોકો ને ઘણું સારું આર્થિક લાભ થવા ની શક્યતા છે. જ્ઞાન માટેની તમારી તૃષ્ણા નવા મિત્રો બનાવવામાં મદદ કરશે. તમારૂં પ્રિયપાત્ર વચનબદ્ધતાની અપેક્ષા રાખશે.

કન્યા(પ.ઠ.ણ.):- મજા માટેની ટ્રીપ તથા સામાજિક મેળાવડા તમને નિરાંતવા તથા ખુશ રાખશે. જો મુસાફરી કરી રહ્યા હોય તો પોતાના કિંમતી સમાન નું ધ્યાન રાખો કેમકે સમાન ચોરી થવા ની શક્યતા છે. તમારા જીવનસાથી સાથે સારી સમજ ઘરમાં સુખ-શાંતિ અને સમૃદ્ધિ લાવશે.

તુલા(ર.ત.):- બેચેનીને કારણે તમારી માનસિક શાંતિમાં ખલેલ પહોંચશે પણ સમસ્યા ઉકેલવામાં મિત્ર ખૂબ જ મદદરૂપ થશે. તાણ ભગાવવા માટે શાતા પહોંચાડે તેવું સંગીત સાંભળો. એક યા બીજી જગ્યાએથી તમને આર્થિક લાભ મળી રહેશે.

વૃશ્ચિક(ન.ય.):- જીવન પ્રત્યેનો ગંભીર અભિગમ ટાળો. જે લોકો લઘુ ઉદ્યોગ કરે છે તે લોકો ને આજે પોતાના કોઈ નજીકી દ્વારા સલાહ મળી શકે છે જેના દ્વારા તેમને આર્થિક લાભ થવા ની શક્યતા છે. પ્રેમ-સાથ સહવાસ તથા બંધનમાં વધારો થશે. અંગત સંબંધો સંવેદનશીલ તથા મૂલ્યવાન છે.

ધન(ભ.ધ.ફ.ઢ.):- શારીરિક માંદગીમાંથી સાજા થવાની શક્યતા છે. જીવન ના ખરાબ તબક્કા માં પૈસા તમારા કામ આવશે તેથી આજ થીજ પોતાના પૈસા બચત કરવા ના વિષે વિચારો નહિ તો તમને તકલીફો આવી શકે છે. દિવસને અદભુત બનાવવા માટે પરિવારના સભ્યો તથા નિકટના મિત્રો સાથે ભેગા મળી મેળાવડો યોજો.

મકર(ખ.જ.):- ધ્યાન તથા યોગ આધ્યાત્મિક તથા શારીરિક લાભ માટે ઉપયોગી સાબિત થશે. આજે તમારા માતા પિતા માં થી કોઈ તમને ધન ની બચત સંબંધી વાત પર ભાષણ આપી શકે છે, તમારે તે વાતો ઘણા ધ્યાન થી સાંભળવા ની જરૂર છે નહીંતર આવનારા સમય માં તકલીફ તમારેજ વેઠવવી પડશે.

કુંભ(ગ.શ.સ.):- આશાવાદી બનો અને ઉજળી બાજુ જોવાનો પ્રયાસ કરો. આત્મવિશ્વાસસભર અપેક્ષાઓ તમારી આશાઓ અને ઈચ્છાઓની પૂર્તિના દ્વાર ખોલશે. કાર્યક્ષેત્ર અથવા વેપાર માં તમારી કોઈ બેદરકારી તમને આજે નુકસાન કરાવી શકે છે.

મીન(દ.ચ.ઝ.):- તબિયતના મોરચે છોડીક દરકારની જરૂર છે. તમારો કોઈ પાડોશી આજે તમારી પાસે ઉધાર મંગાવ આવી શકે છે. તમને સલાહ આપવા માં આવે છે કે ઉધાર આપતા પહેલા તેની વિશ્વાસપાત્ર સારી રીતે પારખી લો નહીંતર ધન હાનિ થયી શકે છે.

# બારીયા ડેપોની એકપણ એસ.ટી.બસ ભૂતડી ઝાંપા બસ સ્ટેન્ડ ઉપર જતી નથી કેમ ?

દે.બારીયા, સ્વચ્છ... સલામત... અને સમયબદ્ધન લુહામણા સૂત્ર બસના પાછળ લખેલા સારા લાગે છે. ગુજરાત રાજ્યની એસ.ટી.બસ સેવા ભારતના તમામ રાજ્યોને પાછળ મુકીને અવ્વલ નંબર અને એક દુધ આપતી ગાય સમાન છે. છતાં પણ પેસેન્જરોની સમયબદ્ધતા જાળવવામાં નિષ્ફળ છે. કારણ કે, બસ કર્મીઓની મનમાનીથી બારીયા ડેપોની એક્સપ્રેસ અથવા લોકલ બસ ભૂતડી ઝાંપા બસ સ્ટેન્ડ ઉપર લઈ જતા નથી શાના કારણે એસ.ટી. વિભાગનું બસ સ્ટેન્ડ હોવા છતાં ભૂતડી ઝાંપા વાયા બસો જતી નથી તે તપાસનો વિષય છે.બારીયા ડેપોની અનેક બસો વડોદરા તરફ જાય છે. સાત થી આઠ બસોનો ભૂતડી ઝાંપા જવાનો રૂટ હોવા છતાં પેસેન્જરોની રીકવેસ્ટને નામની ભૂતડી ઝાંપા બસ સ્ટેન્ડના જુના ડ્રાયવર, કંડક્ટરો પોતાની મનમાની કરતા દેખવા મળે છે. શું ? પેસેન્જરો પાસેથી પુરતું ભાડુ વસુલાતો નથી. હાથ ઉંચા કરોને બસ થોભાવો તેવા સૂત્રો અંકારેલા હોય છે. આ રીત નાના બાળકોની માતા, સીનીયર સીટીઝન જેવાનું પણ આદરમાન અને સન્માન જાળવતા નથી અને વી.આઈ.પી. રોડ ઉતારી દેવાતા હોય છે. ના છુટકે નાના બાળકોને સાથે માતાઓને સીનીયર સીટીઝનોને વધારાનુંરીક્ષા ભાડુંચુકવવાનો વારો આ મનસ્વી રીતે પોતાની ફરજ દાખવતા એસ.ટી.કર્મીઓના કારણે પેસેન્જરોને આર્થિક બોજ પડે છે.મળતા સૂત્રો અનુસાર દાહોદ, ગોધરા, સંતરામપુર, લુણાવાડા આ તમામ ડેપો જે ગોધરા વિભાગીય કચેરીમાં આવે છે. તેની બસો પણ ભૂતડી ઝાંપા ઉપર જવાનું પોતાની મનમાની ટાળતા હોય છે. તે તપાસ એસ.ટી. વિભાગ, ઉચ્ચપદના અધિકારીગણનું જી.પી.એસ. સીસ્ટમ થી તપાસ કરીને જે બસ ભૂતડી ઝાંપા ના લઈ ગયા હોય તે કર્મીઓને નોટીસ આપી ખુલાસો માંગવામાં આવે જાણી સમજી મનમાની કરતા કર્મીઓને દંડાત્મક પગલાં જેવાં કે, એગ્રીમેન્ટ બંધ થાય તો જ મનમાની કરતા અટકશે. જેનાથી એસ.ટી. વિશ્વાસમાં તથા દૈનિક આવકમાં વધારો જોવા મળશે. ના છુટકે ખાનગી બસો અથવા ખાનગી વાહનોમાં લોકો ભૂતડી ઝાંપા જવા મજુબર છે.

## મહીસાગર જિલ્લો કોરોનામુકત સતત ઓગણચાલીસમાં દિવસે કોરોનાનો એક પણ કેસ નહીં

લુણાવાડા, કોરોના વાયરસની સામે લડવા કેન્દ્ર અને રાજય સરકારે અગમચેતીનાં સંખ્યાબંધ પગલાંઓ લીધા છે. કોરોના સામે લડવા લોકોની જાગૃતિ એટલી જ જરૂરી છે. જાગૃતિ અને સાવધાની એ જ બચાવનું શ્રેષ્ઠ માધ્યમ સાબિત થયા છે. ત્યારે મહીસાગર જિલ્લા કલેકટર ડો. મનિષકુમાર બંસલ અને જિલ્લા વિકાસ અધિકારી કે.ડી.લાખાણીના સીધા માર્ગદર્શન હેઠળ જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા અનેકવિધ પગલાંઓ ભરવામાં આવી રહ્યા છે. જિલ્લામાં હાલ એક પણ દર્દી સારવાર હેઠળ નથી.મહીસાગર જિલ્લામમાં સતત ઓગણચાલીસમાં દિવસે એકપણ કેસ ન નોંધાતા મહીસાગર જિલ્લો કોરોનામુકત રહ્યો છે. મહીસાગરવાસીઓએ જેમ સતત છેલ્લા ઓગણચાલીસમાં દિવસથી કોરોના સંક્રમણને વધતું અટકાવીને જિલ્લાને કોરોનામુકત બનાવવામાં જિલ્લામ વહીવટીતંત્રને સહયોગ આપ્યોમ છે. તેવો જ સહયોગ આગામી સમયમાં આપી જિલ્લો કોરોનામુકત રહે અને હવે જિલ્લો વેકિસનયુકત બને તે જોવા અપીલ કરવામાં આવી છે.

અત્યારસુધીમાં જિલ્લામાં સીઝનલફલુ/કોરોનાના કુલ ૩૧૫૮૭૫ રીપોર્ટ નેગેટીવ આવ્યા હોવાનું મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીએ જણાવ્યું છે.

# દે.બારીયાની કાળી ડુંગરી ગામના વ્યકિત એ બેંક પરીક્ષા માટે એપ્લીકેશન થી ભરેલ ૯૪,૪૪૨ રૂપીયા ઓનલાઈન ટ્રાન્સફર કરી લેતાં ફરિયાદ

દાહોદ, દાહોદ જિલ્લાના દેવગઢ બારીઆ તાલુકાના કાળીડુંગરી ગામનો ચકચારી બનાવ સામે આવ્યો છે. જેમાં એક ૪૬ વર્ષીય વ્યક્તિએ બેન્કની પરીક્ષાની ફી એક એપ્લીકેશનના માધ્યમથી પોતાના ક્રેડીટ કાર્ડના માધ્યમથી ભરતાં આ ફી ત્યાં પહોંચી ન હતી. જેથી વ્યક્તિએ એપ્લીકેશનમાં દર્શાવેલ હેલ્પલાઈન પર ફોર કરતાં હેલ્પલાઈન નંબરવાળા વ્યક્તિએ વ્યક્તિના બે અલગ અલગ બેન્કખાતામાં કુલ રૂા.૯૪,૪૪૨ રૂપીયા ક્રેડીટ કાર્ડ અને મારફતે ઓનલાઈન ટ્રાન્સફર કરી લેતાં આ મામલે પોલીસમાં છેતરપીંડી અને વિશ્વાસઘાતની ફરિયાદ નોંધાવા પામી છે.ગત તા.૨૬મી જુલાઈના રોજ મુળ વડોદરામાં રહેતાં અને હાલ દેવગઢ બારીઆ નગરમાં પાલિકાની સામે રહેતાં ૪૬ વર્ષીય રાકેશકુમાર સતીષકુમાર સિન્હાએ તારીખ ૨૬મી જુલાઈના રોજ બેન્કની પરીક્ષાની ફી ભરવા માટે કાળીડુંગરી ગામે આળેલ એસ.બી.આઈ. બેન્ક ખાતે પહોંચ્યાં હતા. જ્યાંથી તેઓએ સી.આર.ઈ.ડી. એપ્લીકેશનથી આઈ.સી.આઈ.સી.આઈ. બેન્કના પોતાના ક્રેડીટ કાર્ડથી બે વખત ફી જમા કરાવી હતી તે ફીના નાણાં ત્યાં પહોંચ્યાં ન હોય તેના ખાતામાં પણ આવેલ ન હોય જેથી ગુગુલની સાઈડ પર જઈને સી.આર.ઈ.ડી. એપ્લીકેશનનો હેલ્પલાઈન નંબર સર્ચ કર્યો હતો જ્યાં ૮૫૮૩૦૨૦૧૯૮ નંબર હેલ્પલાઈનનો આપ્યો હતો. આ નંબર પર રાકેશકુમારે કોઈ અજાણી વ્યક્તિ સાથે વાત કરી હતી. અજાણી વ્યકિતના જણાવ્યાં અનુસાર, રાકેશકુમારનું નામ, સરનામું તથા તેની ક્રેડીટ કાર્ડની માહિતી મેળવી અને રાકેશકુમારને કહેલ કે, તમારા ફોનમાં એક ચાર આંકડાનો પીન આવશે તે આપો તો ખરેખર તમે છો તે ખાત્રી થશે અને વધુમાં કહેલ કે, આ તમારી માહિતી ખુબજ ગુપ્ત છે અને તમને હું જણાવું તેમ તમારી સી.આર.ઈ.ડી. એપ્લીકેશનમાં બધુ વસ્તુ લખો, તેમ કહી રાકેશકુમારને વિશ્વાસમાં લઈ આ દરમ્યાન બે વખત ચાર આંકડાનો પીન રાકેશકુમારના મોબાઈલ ફોન પર આવ્યો હતો અને આ ચાર આંકડાનો પીન સી.આર.ઈ.ડી.એપ્લીકેશનમાં રાકેશકુમારે લખ્યો હતો. સી.આર.ઈ.ડી. એપ્લીકેશનમાં ચાર આંકડાનો પીન નાંખતાની સાથે જ રાકેશકુમારના આઈ.સી.આઈ.સી. બેન્કના ક્રેડીટ કાર્ડમાંથી રૂા.૪૫,૬૯૮ અને એસ.બી.આઈ. બેન્કના ક્રેડીટ કાર્ડમાંથી ૪૮,૭૪૪ એમ કુલ મળી રૂા.૯૪,૪૪૨ની રકમ મોબાઈલ નંબરવાળી અજાણી વ્યક્તિએ ઓનલાઈન ઈન્ટરનેટના માધ્યમથી ટ્રાન્સફર કરી વિશ્વાસઘાત છેતરપીંડી કરતાં આ સંબંધે રાકેશકુમાર સતીષકુમાર સિંન્હાએ દેવગઢ બારીઆ પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## અક્ષર પુરૂષોત્તમ હરીધામ સોખડા, યોગી ડિવાઈન સંસ્થાના સ્થાપક ગુરૂહરી પ.પુ બ્રહ્મલીન હરીપ્રસાદ સ્વામીના અંતિમ દર્શનાર્થે આમ આદમી પાર્ટીના ગુજરાતના પ્રતિનિધિઓ જશે

દાહોદ, શ્રી અક્ષર પુરષોત્તમ સ્વામિનારાયણ મંદિર, હરિધામ – સોખડા (YDS) સંસ્થાના સ્થાપક તથા યોગીજી મહારાજના પરમ શિષ્ય ગુરૂહરિ હરિપ્રસાદસ્વામી ગઈકાલે બ્રહ્મલીન થયાં છે. સ્વામી એ આત્મિયતાની અલખ જગાવી સમાજને સંપ અને એકતાથી જીવન જીવવાની ચાવી આપી એવા દાસના દાસ પૂજ્ય હરિપ્રસાદ સ્વામીજીને આમ આદમી પાર્ટીના સૌ નેતાઓ, હોદ્દેદારો અને કાર્યકર્તાઓ ભાવપુર્વક શ્રદ્ધાંજલિ અર્પણ કરે છે. સ્વામીજીના અક્ષરવાસના સમાચારથી આમ આદમી પાર્ટી પરીવાર ખુબ દુઃખની અને શોકની લાગણી અનુભવે છે.આ દુઃખદ પ્રસંગે સૌ સંતો અને હરીભક્તોના દુઃખમાં ભાગ લેવા તેમજ સ્વામીજીના દિવ્ય દેહના અંતિમ દર્શન કરવા માટે અઅડ ગુજરાત પ્રદેશ પ્રમુખ ગોપાલ ઈટાલીયા, પ્રદેશના નેતા ઈસુદાન ગઢવી તેમજ મહેશ સવાણી, પ્રદેશ સંગઠન મહામંત્રી મનોજ સોરઠીયા, યુવા નેતા પ્રવિણ રામ સહિતના આગેવાનો અને હોદ્દેદારો તારીખઃ ૨૯/૭/૨૧ ના રોજ હરીધામ–સોખડા પહોચી સ્વામીજીના નશ્વર દેહના અંતિમ દર્શન કરશે.

# દાહોદ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી દ્વારા થયેલ વધુ એક શિક્ષાત્મક કાર્યવાહી

**દાહોદ જિલ્લા હસ્તકની સરકારી પ્રાથમિક શાળા સંજેલી તાલુકાના ઈન્ચાર્જ આચાર્ય અને શિક્ષિકા કર્મચારીનો સોશિયલ મીડિયામાં વાયરલ થયેલ વિડિયોના આધારે તપાસ હાથ ધરાઈ હતી.**

**શિક્ષક-શિક્ષિકાના પ્રેમ પ્રકરણમાં પોલીસ ફરિયાદના ચુકાદાને આધીન બંધન કર્તા રહેવાની શરતે પુરૂષ કર્મચારીને ૩ ઈજાફા અને સ્ત્રી કર્મચારીને ૨ ઈજાફા અટકાવવા આદેશ કરવામાં આવ્યો.**

દાહોદ, દાહોદ જિલ્લા હસ્તકની સરકારી પ્રાથમિક શાળા તાલુકો સંજેલીના ઈન્ચાર્જ આચાર્ય અને શિક્ષિકા કર્મચારીના પ્રેમ પ્રકરણ તથા અન્ય કારણોસર ગામના ગ્રામજનોની તારીખ ૨૪/ ૧૦/૨૦૧૮ ના રોજની રજૂઆત અન્વયે પ્રેમ પ્રકરણ સબબ બાબતોની તપાસ કરી પ્રાથમિક તપાસ અહેવાલ રજૂ થયેલ.અહેવાલમાં ઉલ્લેખિત વિગતોનુસાર સોશિયલ મીડિયામાં વાયરલ થયેલ વિડિયોમાં પ્રાથમિક શાળા કેમ્પસનો જ છે તથા વીડિયોમાં મજકુર કર્મચારીઓ સરકારી પ્રાથમિક શાળાનાજ હોવાનું વધુ સ્પષ્ટતા પુર્વક જણાયેલ હતું અને આ વિડીયો શાળાના કેમ્પસમાં ઉતાર્યો હોવાનું જણાઇ આવેલ.જે ગંભીર બાબતો પરત્વે વડી કચેરીથી મળેલ મંજૂરીને આધીન તારીખ ૫/૧૧/ ૨૦૧૮ ના રોજથી મજકુર ને ફરજ મોકુફ કરવામાં આવેલ.

આ પ્રકરણ અંતર્ગત ખાતાકીય તપાસ આદેશ કરવામાં આવેલ હતો ખાતાકીય તપાસ અહેવાલ સબબની વિગતોનુસાર સોશિયલ મીડિયામાં ચારિત્ર્ય બાબતનો વિડીયો પ્રસિદ્ધ થયેલ હતો. આ મજબૂર દોષિત જણાયેલ તથા વિડિયો ની સીડી ઉપલબ્ધ છે. ખાતાકીય તપાસ અન્વયે ના લેખિત નિવેદન પુરાવાઓ પ્રાથમિક તપાસ અહેવાલને આધારે મજબુર કર્મચારીઓને સંબંધિત વાયરલ થયેલ વિડિયો સત્ય હકીકતલક્ષી છે. સદર પ્રકરણમાં પોલીસ ફરિયાદ પણ નોંધાઇ હતી. ઉક્ત બાબતે અત્રેની કચેરીએ રૂબરૂ સુનાવણી તારીખ ૨૩ ૬ ૨૦૨૧ ના રોજ રાખવામાં આવેલ હતી ઉક્ત સુનાવણીમાં મજકુર બન્ને કર્મચારીઓ હાજર રહેવા પામેલ હતા .

તમામ સાધનિક પુરાવા, લેખિત નિવેદનોનો તલસ્પર્શી અભ્યાસ કરતા વિડીયો ક્લિપમાં શાળાના કાર્યાલયનો ઓરડો હોવાનુ સ્પષ્ટ જણાઇ આવેલ હતું. પ્રાથમિક તપાસ,ખાતાકીય તપાસ સમીતીના નિવેદનો મુજબ પણ સાગર વીડિયો કલીપમાં મજકુર જ હોવાના સ્પષ્ટતા પૂર્વક જણાઈ રહ્યા છે. વિડીયો ક્લિપમાં કરવામાં આવતી ચેષ્ટા પણ ઉક્ત લેખિત નિવેદનથી તદ્દન વિપરિત હોવા તરફ ઈશારો કરે છે.

## શિક્ષક–શિક્ષિકા ને વિવિધ ખાતાકીય શિક્ષા કરી,ઈજાફા રોકવામાં આવ્યા.

શાળા કેમ્પસમાં શિક્ષકને ન સાંજે તેવું વર્તન કરવામાં આવેલ હોવાનું સ્પષ્ટ જણાતા આદર્શ આચારસંહિતા ભંગ થયાનું પ્રત્યક્ષ જણાઈ આવે છે. જેથી ગુજરાત પંચાયત સેવા વર્તણૂક નિયમો ૧૯૯૮ ના ૩ (૨)(૩)નો ભંગ થયો હોવાનું પણ યથાર્થ ઠરે છે.જેથી કરીને શિક્ષાત્મક કાર્યવાહી કરવા અભિપ્રાય પણ બને છે.તેવા સંજોગોમાં ગુજરાત પંચાયત સેવા (શિસ્ત અને અપીલ)નિયમો ૧૯૯૭ ના ૬(૧)અન્વયે વાર્ષિક ઈજાફાની ભવિષ્યની અસર સાથે અટકાયત કરવી તથા મજકૂર બંનેની શિક્ષાત્મક બદલી તારીખ ૨૮/૭/૨૦૨૧ ના આદેશથી કરવામાં આવે છે.સદર બદલી શિક્ષાત્મક હોવાના કારણે મજકુરને વાટચાલનું અન્ય કોઈ ભથ્થું મળવાપાત્ર રહેશે નહીં.તેમજ શિક્ષાત્મક બદલી હોય આગાઉની શાળાની સિનિયોરીટી ચાલુ રહેશે નહીં. તેમજ આ પ્રકરણ સબબ થયેલ પોલીસ ફરિયાદના ચુકાદાને આધીન બંધન કર્તા રહેવાની શરતે જ આ આદેશ કરવામાં આવેલ છે.વધુ વિગતે પુરૂષ કર્મચારી ત્રણ (૩)ઈજાફા અને સ્ત્રી કર્મચારીના બે(૨) ઈજાફા અટકાવવામાં આવેલ હોવાનું જાણવા મળે છે.

# ધાનપુરના પીપેરા ગામે સ્પેર પાર્ટસની દુકાન માંથી ૮ હજારની મત્તાની ચોરી

ધાનપુર, દાહોદ જિલ્લાના ધાનપુર તાલુકાના પીપેરો ગામે એક સ્પેરપાર્ટની દુકાનને તસ્કરોએ નિશાન બનાવી દુકાનમાંથી પંખા, ઓઈલના ડબ્બા તેમજ રોકડા રૂપીયા મળી કુલ રૂા.૯,૯૬૯ ની મત્તાની ચોરી કરી તસ્કરો નાસી જતાં પોલીસમાં ફરિયાદ નોંધાવા પામી છે.

ગત તા.૨૭મી જુલાઈના રોજ પીપેરો ગામે તળાવ ફળિયામાં રહેતાં ફકરૂદ્દીન મોહમંદભાઈ લખુડીયાની ગામમાં આવેલ પોતાની સ્પેરપાર્ટની દુકાનમાં રાત્રીના કોઈપણ સમયે અજાણ્યા ચોર ઈસમોએ સ્પેરપાર્ટની દુકાનનુંતાળુ તોડી અંદર પ્રવેશ કર્યો હતો. દુકાનમાંથી બે નંગ પંખા કિંમત રૂા.૧૦૦૦, ઓઈલના ડબ્બા નંગ.૯૬૯ અને રોકડા રૂપીયા ૮,૦૦૦ એમ કુલ મળી રૂા.૯,૯૬૯ની મત્તાની ચોરી કરી અજાણ્યા ચોર ઈસમો અંધારાનો લાભ લઈ નાસી ગયાં હતાં. વહેલી સવારે જ્યારે દુકાનના માલિક ફકરૂદ્દીન મોહમંદભાઈ લખુડીયા પોતાની દુકાને પહોંચતાં દુકાનના શટરનુંતાળું તુટેલ હાલતમાં જોવા મળતાં દુકાનમાં ચોરી થઈ હોવાનુંજાણવા મળ્યુંહતુંઅને આ સંબંધે ફકરૂદ્દીન મોહમંદભાઈ લખુડીયાએ ધાનપુર પોલીસ મથકેફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ઝાલોદના કુંઠી કંકાસીયા ગામે કેબીન મુકવા બાબતે ધિંગાણું

ઝાલોદ, ઝાલોદ તાલુકાના કુંઠીકંકાસીયા ગામે કેબીન મુકવા બાબતે થયેલ ઝઘડા તકરારમાં ત્રણ જેટલા ઈસમોએ એક મહિલાને લોખંડની પાઈપ વડે તેમજ ગડદાપાટુનો માર મારી શરીરે, હાથે પગે તેમજ માથાના ભાગે ઈજાઓ પહોંચાડી ભારે ધિંગાણું મચાવી મારી નાંખવાની ધમકી આપી નાસી જતાં પોલીસમાં ફરિયાદ નોંધાવા પામી છે.ગત તા.૨૭મી જુલાઈના રોજ ઝાલોદ નગરમાં ભાગીરથ સોસાયટી સામે રહેતાં નરેશભાઈ નગીનભાઈ પરમાર, રજનીકાંત નગીનભાઈ પરમાર અને નગીનભાઈ પરસોત્તમભાઈ પરમાર આ ત્રણેય જણા કુંઠીકંકાસીયા ગામે ચોકડી પાસે રહેતાં જયબેનના પાસે આવ્યાં હતાં અને બેફામ ગાળો બોલી કહેવા લાગેલ કે, અમોએ મુકેલ કેબીન તમોને ક્યાં નડે છે, કેબીન નગરપાલિકાની જમીનમાં છે, તેમ કહી ઉપરોક્ત ત્રણેય જણા એકદમ ઉશ્કેરાઈ ગયાં હતાં અને પોતાની સાથે લાવેલ લોખંડની પાઈપ વડે જયબેનને શરીરે, હાથે પગે માર મારી તેમજ ગડદાપાટુનો માર મારી ઈજાઓ પહોંચાડી મારી નાંખવાની ધમકી આપી નાસી ગયાં હતાં.આ સંબંધે કુંઠીકંકાસીયા ગામે ચોકડી પાસે રહેતાં જગદીશભાઈ મોતીભાઈ પરમારે ઝાલોદ પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# લીમખેડાના પાલ્લી ગામની યુવતિને બેંકમાં KYC અપડેટ કરવાના બહાને એટીએમ નંબર મેળવી ૧.૫૦ લાખ રૂપીયાની છેતરપિંડી કરાઈ

લીમખેડા, દાહોદ જિલ્લાના લીમખેડા તાલુકાના પાલ્લી ગામે બેન્કમાં કેવાયસી અપડેટ કરવાનું કહી અજાણી વ્યકિતએ પાલ્લી ગામે રહેતાં એક ૨૮ વર્ષીય યુવતીના મોબાઈલ પર ફોન કરી યુવતીના એટીએમ કાર્ડના છેલ્લા ૦૬ ડીજીટ નંબર મેળવી તેની પાસેથી ઓટીપી લઈ યુવતીના બેન્ક ખાતામાંથી કુલ રૂા.૧,૫૦,૦૧૭ ઉપાડી લઈ વિશ્વાસઘાત છેતરપીંડી કરતાં પોલીસમાં ફરિયાદ નોંધાયાનું જાણવા મળે છે.

ગત તા.૨૮મી ઓક્ટોમ્બર ૨૦૨૦ના રોજ લીમખેડા તાલુકાના પાલ્લી ગામે રેવન્યું કવાટર્સમાં રહેતી અને લીમખેડામાં સી.એચ.સી.માં નર્સ તરીકે ફરજ બજાવતી ૨૮ વર્ષીય પ્રિયંકાબેન ખીમસિંહ ચારેલના મોબાઈલ ફોન પર અજાણી વ્યકિતનો ફોન આવ્યો હતો અને પ્રિયંકાબેનને કહેલ કે, હું બેન્કમાંથી ઓમપ્રકાશ વર્મા બોલું છું અને તમારા બેન્ક ખાતામાં કેવાયસી અપડેટ કરવાનું છે. જેથી તમો તમારા એ.ટી.એમ. કાર્ડના છેલ્લા ૦૬ ડીજીટ નંબર આપો, તેમ જણાવતાં પ્રિયંકાબેને પોતાના એટીએમ કાર્ડના છેલ્લા ૦૬ ડીજીટ નંબર અજાણી વ્યકિતને આપી દીધાં હતાં આ બાદ પ્રિયંકાબેનના મોબાઈલ પર ઓટીપી કોડ આવ્યો હતા. આ ઓટીપી કોડ પણ પ્રિયંકાબેને અજાણી વ્યકિતને આપી દેતાં અજાણી વ્યકિત દ્વારા પ્રિયંકાબેનના બેન્ક ખાતામાંથી કુલ રૂા.૧,૫૦,૦૧૭ ઉપાડી લઈ વિશ્વાસઘાત છેતરપીંડી કરતાં આ સંબંધે લગભગ ૧૦ માસ બાદ પ્રિયંકાબેન ખીમસીંહ ચારેલ દ્વારા લીમખેડા પોલીસ મથકે ગતરોજ ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# દાહોદ જીલ્લાના સીંગવડના માતાના પાલ્લા ગામે પ્રકૃતિની ગોદમાં ભમરેચી માતાનું મંદિર

ભમરેચી મંદિર, માતાના પાલ્લા ..... ઊંચાઈ પર ચડવું એ હંમેશાં અઘરૂં હોય છે. એ જીવનની હોય કે પછી ડુંગર,પર્વત કે ઊંચા શિખરોની.. કપરૂં ચઢાણ તમારી જાતને મજબૂત કરવા માટે પ્રેરણા આપે છે. આવી રીતે પ્રકૃતિની પાસે રહેવાથી પ્રસન્નતા અને આનંદ દિલમાં જ ઉગી નીકળે એ નફામાં!

ભમરેચી માતા મંદિર, માતાના પાલ્લા, સીંગવડ એ દાહોદનુ નાનું હીલ સ્ટેશન છે. અહીં બે બાજું ડુંગર બેઠાં છે. બસો ફૂટ કરતાં પણ વધુ એમની ઊંચાઈ ત્યાંની પ્રકૃતિની શોભામાં વધારો કરે છે. એમની વચ્ચેથી કબુતરી નદી પસાર થાય છે. એ જગ્યાએ બનાવેલો રસ્તો તમને દરેક મોસમમાં એનું સાંનિધ્ય પ્રાપ્ત કરવા માટે આકર્ષે!

ભમરેચી માતા મંદિરના દર્શન કરીને ગુફામાં ડોકિયું કરી શકો. એની સાથે સંકળાયેલી દંતકથાઓ જાણવા જેવી છે.

આઝાદી પહેલાં આપણા દેશમાં ગુલામી, વેઠ અને હેરાનગતિ અંગ્રેજોએ દ્વારા થતી હતી. આ રાજ્યમાં એકવાર અંગ્રેજોનું એક દળ અહીં આવ્યું. લોકોને હેરાનગતિ શરૂ થઈ. અંગ્રેજોના આધુનિક હથિયારો સામે લડવું કેવી રીતે? ડુંગરો વચ્ચે નદી એટલી જ, રસ્તો અત્યારનાં જેવો ન હતો. ત્યાં મોટાં પથ્થરો પર અસંખ્ય મધપુડાઓ બેઠેલા છે. લોક અહીં એને ભમોર કહે. બે જગ્યાએ સામ સામે ત્રણ ચાર ગુફાઓ દેખાય છે. રાજ્યના નજીકના લોકોએ સામૂહિક પ્રાર્થના કરી. એ વખતે કહેવાય છે કે મધપુડા પરથી બધી જ મધમાખીઓ– ભમરાઓએ અંગ્રેજો પર હૂમલો કર્યો. એવી ભયાનક રીતે ભમરીયું ચોંટી કે ચીસાચીસ કરી મૂકી. એમને ત્યાંથી ઉભી પૂંછડીએ ભાગવું પડ્યું. એ પછી અંગ્રેજી દળો એ જગ્યાથી આગળ આવવાની ક્યારેય હિંમત કરી ન હતી. ત્યારથી આ ગુફામાં પથ્થર પર ઉપસેલી માતાજીના કુદરતી શિલ્પને લોકો ભમરેચી માતાની કૃપા માનવા લાગ્યા. ભમરા મધમાખી(મોટી) પરથી ભમરેચી માતા એવું નામ પડી ગયું. આજે પણ ત્યાં મોટા મધપુડાઓ પથ્થરો પર લટકેલા જોવા મળે છે.

કહેવાય છે કે આ ગુફાઓમાં–ભોંયરામાં જનાર વ્યક્તિ જીવીત આવતી નથી. હવે અંદર જઈ ન શકે એ માટે જાળી મુકવામાં આવી છે. આખે આખો ડુંગર પોલાણમાં છે એમ અહીંના સ્થાનિક લોકો જણાવે છે. બહારથી ગુફા જોઈ



શકાય છે.અહી આજુબાજુના લોકો અનેક આસ્થાઓ રાખી પુજન માટે આવે છે. શિવરાત્રી, નવરાત્રીના મેળા થાય છે ત્યારે મોટી સંખ્યામાં લોકો ઉમટી પડે છે. પુનમના દિવસે પણ આસ્થાળુંઓ આવી ચડે છે.

ઘણીવાર પ્રશ્ન થાય કે આપણને આ બધું આકર્ષે કેમ છે? ડુંગર,જંગલો, વૃક્ષો, બાગબગીચા, ફૂલો, આકાશ, તારાં, વાદળો, દરિયો, ખીણો વગેરે જોઈને આપણે પ્રસન્નતા કેમ ધારણ કરી ઊઠીએ છીએ? કારણ કે મૂળ તો આપણે દરેક પ્રકૃતિના જીવો જ છીએ. એ જ ખરેખર આપણું સાચું વતન કે જોડાણ છે. લાંબો વખત એનાથી દૂર રહીએ છીએ, ત્યારે આ પ્રકૃતિનો અંતરમન સુધીનો સ્પર્શ ન થવાથી, એનું સાંનિધ્ય ન માણવાથી આપણે ધીમે ધીમે રોગી બનવા લાગીએ છીએ. તમે અનુભવ કરી જો જો એનાં સંપર્ક અને સંસર્ગથી આપણા મનની માનસિક પીડાઓ ઓછી થવા લાગે છે. એનાં માટે બસ એની પાસે દોડી જવાની જરૂર છે. ઓછામાં ઓછું અડધાથી પા કલાક એ પ્રકૃતિની કોઈ પણ ક્ષણોને સાચાં દિલથી માણવી પડશે. એનાથી તન–મનને ગજબની શકિત અને શાંતિનો અહેસાસ થશે! આવો એહસાસ તમે કર્યો છે ખરો? તમારી જાતને પૂછી જો જો.

દર્શન કર્યા પછી હું ડુંગર પર આરોહણ કરવા તલપાપડ હતો. મારાં મનને એ ટોચ પર પહોંચીને દૂર દૂર સુધી ફેલાયેલી હરિયાળીની અડધો કલાક તો માણવી જ હતી. પરંતુ ત્યાં કોઈ ચડતું નહોતું. મને ત્યાં પોલીસ જોઈને થયું કે કોઈ અણબનાવ ન થાય એટલે પ્રતિબંધ હશે? ત્યાં એક પંદરેક વર્ષનો છોકરો પડીકાં, નારિયેળ, અગરબત્તી, કાળાં ધાગા જેવું ભરીને નદી પાસેથી દક્ષિણ દિશાના ડુંગર પર ચડતો હતો. મેં હિંમત કરી. એને બૂમ પાડી ઊભો રાખ્યો. એ સમજી ગયો. કહે, તમે ત્યાં પેલી બાજુથી ફરીને ઉપર આવજો, અહીંથી તમને ન ચઢાઈ. પડી જશો અથવા ચડી ન શકો. એણે મને દૂરનો લાંબો સરળ રસ્તો બતાવ્યો. મેં કહ્યું તું આગળ ચાલ, હું તારી પાછળ પાછળ આવું છું. જોઈએ કેવું થાય છે. મારી હિંમત ભરી વાત એને ગમી. એ બોલ્યાં વગર આગળ ચાલવા લાગ્યો!

હું સો એક ફૂટ તો એની પાછળ સડસડાટ ચડી ગયો. પછી એકદમ સીધું ચઢાણ આવ્યું. આગળ તરફ નમીને ચડવું પડે. એવી હાંફ ચડતી હતી કે એક શિલા પર બેસ્યા વગર છૂટકો ન હતો. શરીરમાં ધબકારાની ગતિ એટલી તેજ હતી કે ન પૂછો. પરસેવો દરેક અંગમાંથી નિતરી રહ્યો હતો. ઢીંચણથી નીચેના ભાગમાં દુખાવો લાગતો હતો. પણ થાકને મન પર હાવી થવા દે એ બીજાં! ઉઠીને આગળ જતાં છોકરાં પાછળ વીસેક મિનિટમાં પથ્થરોના સહારે ચાલ્યા કર્યું. ને એકદમ ટોચ પર પહોંચી ગયા. બસ ત્યાં પહોંચીને જે આનંદ મળ્યો એ અવર્ણનિય છે. બીજી વીસેક મિનિટ એકાંતમાં ત્યાંથી દૂર દૂરની પ્રકૃતિને ભરપૂર પીધી. પછી થોડો આગળ વધ્યો. ખીણ જેવા ભાગેથી નીચે મંદિર દેખાતું હતું. ત્યાં પવનની લહેરખીમા હું પણ પ્રકૃતિનો એકભાગ હોવું એમ એકરૂપ બની ગયો. મનમાં એક સકારાત્મક ઊર્જાનો સંચાર થવાં લાગ્યો. એ વખતે ઝરમર ઝરમર વરસાદ, આંખો પહોંચી શકે ત્યાં સુધી કબુતરી નદી અને એનો ડેમ, ખુલ્લા ખેતરો, વાદળીઓ ચીરીને આવી પહોંચતો આછેરા પ્રકાશની બુંદો, પ્રકૃતિની વિશાળતા જોઈને મનના અહંકારને ચૂર ચૂર કરી નાખતી એ પ્રકૃતિની ભવ્યતા હતી. મારી ટપકાં જેટલી જાતને ઓગાળી નાંખી! લેશમાત્ર અભિમાન ટકી ન શક્યું મારૂં. પ્રકૃતિના પાંચ તત્વોથી બનેલા આખરે આપણે એમાં જ તો ભળી જવાનાં. એથી જ આપણને બધાને જાણે અજાણે એનાં તરફ આકર્ષણ થવાનું જ. એ જ આપણું સાચું સુખ હોય એમ મને લાગે છે. મને આવું સત્ય જડી જતાં હું મારી જાતને ધન્ય અનુભવતો બીજી બાજુથી નીચે ઉતરવા લાગ્યો.

ટોચ પરથી નીચે ઉતરવું પણ જોખમી છે. પેલો છોકરો ઉપર બાધા આખડી કરવા આવેલા લોકોને સામગ્રી પધરાવી ટોચ પરથી મને જોઈને દોડ્યો મારી સાથે આવવા. એને એની કળા બતાવી દેવાની હોંશ હતી.કૂદકા મારતો એ અચાનક લપસ્યો. સદનસીબે એને જાતે જ સંતોલન પણ જાળવી લીધું. ખડખડાટ હસીને મને કે બચી ગયો. ઉતરાણ સીધું નદીના પટમાં થાય. ત્યાં ડુંગરમાંથી એક વિરડામા પાણી વહી રહ્યું હતું. કહેવાય છે કે છપ્પનિયા દુકાળમાં ત્યાં પાણી ખુટ્યુ હતું. બાકી આજે પણ પાણી વહ્યા કરે છે. દુકાળ ન પડે એની પ્રાર્થના ત્યાં લોકો આસ્થાથી કરે છે. પ્રકૃતિના આનંદને ભરીને અમે ઘર ભણી નિકળી આવ્યા

:– દિલીપ પટેલ

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Modini Vadi No-1, Station Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 24, No. 288

